



# વડગામ પંથકને જોડતી પાટણ અને મહેસાણાની બોર્ડર લોકડાઉન કરાઈ

પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોનાના કેસમાં થઈ રહેલા વધારાને લઈને બનાસકાંઠા જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા ચુસ્તપણે અમલ કરવા સુચના અપાતા વડગામમાં પોલીસ દ્વારા લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે. વડગામ શહેરના તમામ રસ્તાઓ બંધ કરી દેતા સુમસામ બન્યા છે. વડગામ બસસ્ટેન્ડથી સામુહિક આરોગ્ય કેન્દ્રની સામે માત્ર એકજ મેડિકલ સ્ટોર્સ ખુલ્લું જોવા મળેલ હતુ. વડગામ જૈન દેરાસરથી જુના પોલીસ સ્ટેશનથી રાધેકિષ્ણ મંદિરથી બસસ્ટૅન્ડ તેમજ વડગામ તાલુકા મથકે આજે સંપૂર્ણપણે લોકડાઉનનું પાલન થતું જોવા મળ્યું હતું અને હોમગાર્ડ જી.આર.ડી. તેમજ પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં દેખરેખ રાખી ચુસ્તપણે અમલ જોવા મળી રહ્યો છે. જેને લઈ વડગામ મહિલા પીએસઆઈની કામગીરીને લોકોએ બિરદાવી હતી. બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાને જોડતા મહેસાણા જિલ્લા તમામ રસ્તાઓ લોકડાઉન કરી દેવાયા છે. પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોનાના કેસમાં નોંધપાત્ર થઈ રહેલા વધારાથી તંત્ર હચમચ્યુ છે. બનાસકાઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પાટણ અને મહેસાણા જિલ્લાની તમામ બોર્ડરના રસ્તાઓ સ્થાનીક પંચાયતમાં કમીટી બનાવીને ગામના રસ્તાઓ લોકડાઉન કરવા તેમજ બહારથી કોઈ વ્યક્તિ ગામડાઓમાં પ્રવેશ ન કરે તે માટે ગામની સમિતિને જવાબદારી આપવામાં આવી છે. જેનો અમલ વડગામ પંથકના કોદરામ, પિલુચા, નગાણા, પેપોળ, થલવાડા સહીત તાલુકાભરના ગામડાઓમાં પંચાયત દ્વારા ચુસ્ત અમલ કરાવવા ગામના યુવાનોની કમિટીઓ બનાવી અમલ કરાવાય રહ્યો છે. કેટલાક ગામડાઓમાં તો કડક નિયમો પણ બનાયા છે. કોરોનાના કહેર વચ્ચે કડક અમલ કરવા ગ્રામજનો પણ કટીબદ્ધ બન્યા છે. મહેસાણા જીલ્લાની ખેરાલુ તાલુકાની બોર્ડર પર આવેલા કોદરામ ગામની આજુબાજુના ગામના રસ્તાઓ પણ ગ્રામજનોની કમીટી દ્વારા બંધ કરવામાં આવ્યા છે. વડગામ મામલતદાર આર.સી. ઠાકોર તથા ઈન્ચાર્જ વડગામ ટી.ડી.ઓ. જેઠાભાઈ વળાગાઠ સહીત ગામડાઓની મુલાકાત લેતા રસ્તાઓ બંધ જોવા મળ્યા હતા.

## ધાનેરાના સેવાભાવી કિશોરભાઈ રાવે લોકોની સાથે સાથે અબોલ પશુઓ માટે પણ રસોડું શરૂ કર્યું



અત્યારે સમગ્ર દેશ લોકડાઉન છે જેથી કરીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ભોજન મળી રહે તે માટે ધાનેરાના કિશોરભાઈ રાવ દ્વારા રસોડું શરૂ કરવામાં આવ્યું છે અને દરરોજ ૨૦૦૦ થી ૨૫૦૦ લોકોને જમવાનું પૂરું પાડવામાં આવી રહ્યું છે ત્યારે આજે આ કિશોરભાઈ રાવ દ્વારા લોકોની સાથે સાથે અબોલ પશુઓ માટે પણ રસોડું શરૂ કરવામાં આવ્યું છે જેમાં વહેલી સવારથી જ બહેનો દ્વારા રોટલા બનાવવામાં આવે છે અને આ તમામ રોટલો ગામમાં રખડતી ગાયો તેમજ શ્વાનોને ખવડાવવામાં આવે છે કિશોરભાઈ રાવ ની ટીમ વહેલી સવારથી જ પોતાના સાધનોમાં રોટલા લઈ ગાયો તેમજ સ્વાનને ખવડાવવા નીકળી જાય છે અને ધાનેરા શહેરના તમામ રસ્તાઓ પર રખડતી ગાયો તેમજ શ્વાનો ને રોટલા ખવડાવી રહ્યા છે ત્યારે મીડિયા સાથેની વાતચીતમાં કિશોરભાઈ રાવે જણાવ્યું હતું કે લોકોની સાથે સાથે આજે મેં ગૌમાતા માટે પણ રસોડું શરૂ કરી છે અને દરરોજ ૮૦૦ થી હજાર જેટલા રોટલા બનાવી ગૌમાતા તેમજ યુવાનને ખવડાવવામાં આવી રહ્યા છે

## કોરોના વાયરસ સંક્રમણ નિયંત્રણ માટે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર કટીબદ્ધ

### આરોગ્ય વિભાગની વિવિધ ૧૧૦ ટીમ દ્વારા ૧૧ એપ્રિલથી કન્ટેનટમેન્ટ ઝોનના ૪૨,૬૦૨ લોકોનો કોમ્યુનિટી સરવે હાથ ધરાયો

સાબરકાંઠા જિલ્લામાં કોવિડ-૧૯ના એક પોઝીટીવ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી છે. જિલ્લામાં પ્રથમ પોઝીટીવ કેસ હિંમતનગર હોસ્પિટલમાં નોંધાતા જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ દ્વારા જિલ્લાની સરહદો પણ સીલ કરી દેવા હુકમ કરવામાં આવ્યો છે.

સાબરકાંઠા જિલ્લા મથક હિંમતનગરમાં કોરોના પોઝીટીવ કેસ આવ્યા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા મથક ખાતે આવેલી કચેરીઓમાં પણ સેનેટાઈઝીંગ કામગીરી હાથ ધરાઈ તેની તકેદારી રાખવા સુચનાઓ અપાઈ છે. જેથી જિલ્લાની વિવિધ જિલ્લા કક્ષાની કચેરીઓમાં સેનેટાઈઝર સ્પ્રે મૂકી કચેરીમાં કામ કરતા કર્મચારી તેમજ અધિકારીઓને પણ સેનેટાઈઝીંગ પ્રક્રિયામાંથી પસાર થઈને બાદમાં જ કચેરીમાં પ્રવેશ કરી શકશે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે જિલ્લાના પ્રથમ કોવિડ-૧૯ પોઝીટીવ વ્યક્તિ અને તેમના સંપર્કમાં આવેલા અન્ય ૨૦ વ્યક્તિઓને સરકારી કોરોન્ટાઈન



કરવામાં આવ્યા હતા. જયારે દર્દીના રહેઠાણ આસપાસના ૮૩ લોકોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાં આરોગ્ય વિભાગે સતર્કતા દાખવી દર્દીના સંપર્કમાં આવેલા વ્યક્તિઓને શોધવા હાઉસ ટુ હાઉસની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવી છે. હિંમતનગર તાલુકાના ૮ ગામ તેમજ હિંમતનગર શહેરી વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરી આરોગ્ય વિભાગની ૧૧૦ ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ સરવે હાથ ધરવામાં આવ્યો.

જિલ્લામાં કોરોના વાયરસના નિદાન અત્યાર સુધીમાં કુલ ૬૭ ટેસ્ટ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૬૦ લોકોનો રીપોર્ટ નેગટીવ આવ્યા છે જેપૈકી માત્ર ૭ લોકોના રીપોર્ટ પેન્ડીગ છે. જેથી જિલ્લાવાસીઓ માટે હાલ એક રાહતના સમાચાર છે.

આરોગ્ય વિભાગના પેરા મેડિકલ અને નોન પેરામેડિકલ સ્ટાફની ટીમ દ્વારા ટેકો પ્લસ એપ્લિકેશન આધારીત હાઉસ ટુ હાઉસ સરવેમાં રોજ ૮૭૬૨ ઘરોની મુલાકાત લઈ ૪૨,૬૦૨ લોકોને ખાંસી, તાવ અને શ્વાસની તકલીફ ધરાવતા વ્યક્તિઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી.

નાગરીકોને આરોગ્યલક્ષી સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ થાય તે માટે જિલ્લાના કંટ્રોલરૂમ નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૨ ઉપર ફોન કરી કોરોના વાયરસ અંગે માહિતી મેળવી શકાશે. ઉપરાંત તમામ તાલુકા ખાતે તૈયાર કરવામાં આવેલા કંટ્રોલરૂમ પરથી પણ માહિતી મેળવી શકાશે.

હિંમતનગર સ્થિત સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં સેનેટાઈઝર મશીન મૂકાયા બાદ શનિવારે જિલ્લા પોલીસ વડાની કચેરીમાં પણ સેનેટાઈઝર મશીન મૂકવામાં આવ્યુ હતું.



## ભિલોડા તાલુકાના સુનોખ ગામમાં માનવતાની મહેંક પ્રસરી

કોરોના વાયરસની મહામારીનું સંક્રમણ વધતા લોકડાઉન દરમ્યાન શ્રમજીવી પરીવારોની હાલત અત્યંત દયનીય હોઈ જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સેવાભાવી કાર્યકરો ઘરે ઘરે સામ્રગી પહોંચાડી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુનોખ ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં માનવતાની મહેક પ્રસરી છે. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, અરવલ્લી જીલ્લા પ્રમુખ સંજયજી ઠાકોર, હોદ્દેદારો અને સેવાભાવી કાર્યકરો ધ્વારા સુનોખ, વાંઘોદર પંથકમાં જરૂરીયાતંમદ પરીવારોના ઘરે ઘરે શાકભાજીનું વિતરણ, આયુર્વેદિક ઉકાળાનું વિતરણ, શ્રમજીવીઓ માટે ભોજન અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. સેવા પરમો ધર્મ નિભાવતા માનવતાની મહેંક પ્રસરી હતી.

### દાંતા તાલુકાના માનપુર ગામે લાયસન્સ વિના

## વધુ ભાવે ખાતર વેચતા વ્યક્તિ સામે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ

હાલમાં રાજય અને દેશ કોરોના વાયરસની વૈશ્વિક મહામારી સામે ઝઝુમી રહ્યો છે ત્યારે આવશ્યક ચીજ વસ્તુઓના ધારાનો ભંગ કરી બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ માનપુર (ગોરાડ) ગામનો કરીયાણાનો વેપારી મેમણ સફી મહોમદ ગુલાબજી લાયસન્સ વિના વધુ ભાવ લઈ ખાતરનું વેચાણ કરતા ધ્યાનમાં આવતા તેમની વિરૂધ્ધ દાંતા ખેતીવાડી અધિકારીશ્રી બી.જી.ગઢવીએ દાંતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. લાયસન્સ વગર યુરીયાની ૧૬ બેગ અને અડધી ખુલ્લી બેગ તથા નાઈટ્રોફોસ્ફેટ ૧૯ બેગ વેચાણ કરી વધુ ભાવે વેચાણ કરતા ધ્યાનમાં આવતા તેમની સામે દાંતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે તેમ નાયબ ખેતી નિયામકશ્રી ભરત પટેલે જણાવ્યું છે.

## ખેડબ્રહ્મામા જાહેરનામનો ભંગ કરતા વેપારી સામે ગુન્હો નોંધાયો

કોરોના વાયરસને લઈ સમગ્ર દેશ લોક ડાઉન કરવમાં આવેલ છે અને વેપારીઓને ફક્ત હોમ ડિલિવરી કરવાની પરમિશન આપવામાં આવેલ હોવા છતાં કિરણભાઈ રમેશભાઈ વાઘવાની પોતાની ઝૂલેલાલ પ્રોવીજન ખુલ્લી રાખી રિટેલ વેચાણ કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામનો ભંગ કરતા પોલીસે ગુન્હો નોંધો હતો.



## ભિલોડા અને શામળાજી વિસ્તારમાં છાશનું વિતરણ કરાયું

ભિલોડા અને શામળાજી વિસ્તારમાં છાશનું વિતરણ કરાયું હતું. ભિલોડા અને શામળાજી વિસ્તારમાં લોકડાઉન દરમ્યાન ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીમાં ખડેપગે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ, હોમગાર્ડ, ટી.આર.બી.જવાનો, મામલતદાર કચેરી અને દેંના બેંકમાં ફરજ બજાવતા કર્મચારીઓને છાશનું વિતરણ કરાયું હતું. કોરોના વાયરસનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતા સર્વત્ર ચિંતા જોવા મળે છે. લોકડાઉન હોવાથી કર્મચારીઓ વિશેષ ફરજ બજાવી રહ્યા છે. ખુમાપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ નિકીતાબેન ચૌધરી, ધાર્મિકભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, કંદર્પભાઈ પટેલ સહિત સેવાભાવી કાર્યકરોએ વહીવટી તંત્રના અધિકારીઓને છાશનું વિતરણ કર્યું હતું.



હનુમાન જયંતિએ બહારથી દર્શન - આજે સમગ્ર દેશમાં મહામારી કોરોનાના લીધે ચૈત્રી નવરાત્રી બાદ રામનવમી અને આજે ચૈત્રી પુનમે હનુમાન જયંતિ પણ લોકડાઉન દરમ્યાન આવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના પાટનગર પાલનપુરના પૌરાણીક એવા કંથેરિયા હનુમાન મંદિરે પ્રતિ વર્ષે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાતો હનુમાન જયંતિ મહોત્સવ મંદીરના બંધ દરવાજા બહાર ભક્તોએ ગેટ પાસે ઉભા રહી દાદાના દર્શન કર્યા હતા. મહંત શિવગીરી બાપુએ અંદરથી બધાને આર્શિવાદ આપી આપણા ભારત અને દુનિયામાંથી આ મહામારી જલ્દી દુર થાય તેવી પ્રાર્થના કરી હતી. દરમ્યાન શહેરના વિજય હનુમાન મંદિર, કાળા હનુમાન મંદિર, હનુમાન શેરી, બાલા હનુમાન મંદિર અને લક્ષ્મણટેકરી હનુમાન મંદિર, જુના આરટીઓ, હનુમાન મંદિર, એસ.ટી કોલોની કોલેજ સામે હાઈવે હનુમાન ટેકરી મંદીર, આબુ હાઈવે જુના લક્ષ્મીપુરા મંદિર સહીત સમગ્ર શહેર અને જિલ્લાભરમાં તમામ હનુમાન મંદિરોમાં બંધ દરવાજે આજે કળીયુગમાં હાજર એવા હનુમાન જયંતિ પર્વે આજે ભક્તો બહારથી દર્શન કરી સુંદરકાંડ અને હનુમાન ચાલીસાના પાઠ કરી દર્શન કરી હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીનો તાકીદે નાશ કરવા હનુમાન દાદાને પ્રાર્થના કરી ધન્ય બન્યા હતા.

## બાયડના સૈયદવાડા વિસ્તારમાં લોકડાઉનની અમલવારી કરાવવા જતા પોલીસ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ





ગુજરાતમાં કોરોનાના ૪૩૨થી વધુ લોકો સંક્રમિત બન્યા છે. ૧૯ લોકો કોરોના સામે જંગ હારી જતા મોતને ભેટ્યા છે. રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધતાં તંત્ર દ્વારા કડક તપાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની અમલવારી માટે સતત રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બાયડ પોલીસ પેટ્રોલિંગ દરમિયાન સૈયદવાડા વિસ્તારમાં ટોળેવળી બેઠેલા યુવકો અને પોલીસ વચ્ચે બોલાચાલી પછી સ્થાનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ પેદા થતા મામલો બિચક્યો હતો. જિલ્લા એસપીએ પોલીસ કાફલો ખડકી દઈ વણસતી સ્થિતિને કાબુમાં લીધી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બાયડ પોલીસ લોકડાઉનની અમલવારી માટે બાયડ શહેરમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી. સૈયદવાડા વિસ્તારમાં કેટલાક યુવાનો ટોળેવળી ગપ્પામાં મારતા હોવાથી પોલીસે લોકડાઉનની અમલવારી અને કલેકટરના જાહેરનામાના ભંગ અંગેની કાર્યવાહી કરતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને પોલીસની કામગીરીમાં અવરોધ ઉભો કરતા ઘર્ષણના દ્રશ્યો પેદા થયા હતા. બાયડ પોલીસે ઘટનાની ગંભીરતા સમજી જિલ્લા પોલીસવડાને સમગ્ર ઘટના અંગે જાણ કરવામાં આવતા જિલ્લા એલસીબી, એસઓજી પોલીસનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પેટ્રોલિંગ સહિતની કામગીરી કરીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરી દેવામાં આવ્યો હતો. ૧૦થી વધુ યુવકોની અટકાયત કરી બાયડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એકબાજુ કોરોનાને અટકાવવા માટે તંત્ર અને પોલીસ દ્વારા દિવસ રાત એક કરી કામગીરી કરવામાં આવી રહી છે. ત્યાં લોકોની સુરક્ષા માટે જ આ તમામ કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં અમુક લોકો દ્વારા સતત અવરોધો ઉભા કરવામાં આવી રહ્યા છે. લોકો હજુ પણ કોરોના વાયરસની ગંભીરતાને સમજી રહ્યા નથી.

### ભિલોડામાં નિઃશુલ્ક માસ્કનું વિતરણ કરાયું

વિશ્વભરમાં કોરાના વાયરસએ કાળો કેર વર્તાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા લોકડાઉન જાહેર કરાયું છે. ભિલોડા તાલુકા મથક ખાતે પ્રજાજનોનું આરોગ્ય સચવાય અને કોરાના વાયરસ ન પ્રસરે તેવા આશયથી સેવાભાવી વેપારી ભૈરવજી પ્રજાપતિ પરીવારે ૧૦૦૦થી વધુ માસ્ક બનાવી પ્રજાજનોને વિતરણ કર્યું હતું.

## ધાનેરા તાલુકાના જાડી ગામે મહિલા પર આખલા એ હુમલો કર્યો મહિલાને સારવાર અર્થે ધાનેરા ખસેડાઈ

ધાનેરા તાલુકાના જાડી ગામે વહેલી સવારે આખલા દ્વારા એક મહિલા પર હુમલો કરતાં મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી અત્યારે લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ કરતા ધાનેરા ૧૦૮ ના ઈએમટી દેવુસિંહ વાઘેલા અને તેમની ટિમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલ મહિલાને સારવાર વખતે ધાનેરાની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી જ્યાં ફરજ પરના તબીબ ધ્વરા મહિલા ને સારવાર